ડીસા-પાટણ ચાર રસ્તા પર ટ્રાફિક ચક્કાજામ

દબાણ વચ્ચે રોડ પર ખાનગી વાહનોનો ખડકલો

ડીસા, તા. ૧૦

ડીસા-પાટણ ચાર રસ્તા ઉપર સહેરને જોડતો મહત્વપૂર્ણ રોડ છે તેથી અહીં રાત-દિવસ વાહનોની રસ્તા ઉપર ટ્રાફિક ચક્કાજામના દેશ્યો રોજીંદા બની ગયા છે. જે

વાહનોના ભારે ધસારા વચ્ચે ખાનગી વાહનોના અડીંગા તથા દબાણોના કારણે ટ્રાફીક ચક્કાજામ થાય છે. જેના કારણે વાહનચાલકોની હાડમારીઓ વધી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસાના પાટણ ચાર રસ્તા ઉપરથી પાટણ જિલ્લા અને જિલ્લા મથક પાલનપુર તથા રેલવે સ્ટેશન તેમજ સતત આવનજાવન રહે છે. પરંતુ હાલમાં બટાટાની સિઝન ચાલતી હોઈ બટાટા ભરેલા ટ્રેક્ટરો પણ દોડી રહ્યાં છે. ત્યારે ચાર રસ્તા ઉપર પાટણ રૂટમાં ફરતા ખાનગી વાહનોના ચાલકો કબજે કરી બેઠા છે. તેમજ આજુબાજુ દબાણમાં રોડ સાંકડો બની ગયો છે. જેથી ચારેય બાજુએથી આવતા વાહનો અવરોધાય છે. જેના કારણે ચાર ટ્રાફીકમાં વાહનચાલકો કલાકો સુધી અટવાય છે. જેમાં બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થીઓનો પણ સમય બગડે છે. જેને ગંભીરતાથી લઈ ટ્રાફિક પોલીસ દ્વારા ચાર રસ્તા ઉપર કાયમી પોઈન્ટ મુકવાની માંગ ઉઠવા પામી છે. જિલ્લા પોલીસ વડા આ બાબતે સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન સંચાલિત જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ઉપસ્થિત સજ્જનબેન દ્વારા મહિલાઓને સશક્તિકરણ વિશેષ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલિમમાથી બહેનોને પ્રમાણ પત્રો આપવામા આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સંસ્થાના પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર, બ્યુટી પાર્લરના ઈન્સ્ટ્રુકટર નેહાબેન ભટ્ટ તેમજ શિવણ તાલીમ વર્ગના ઈન્સ્ટ્રકટર બહેન સબાના એન ઘોરી દ્વારા કરવામાં આવ્યું હતું.

પાલનપુરના હુસેની ચોકમાંથી ૨૭ શકુનીઓ રંગહાથ ઝડપાયા

રોકડ-મોબાઈલ મળી કુલ રૂ. ૩.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

પાલનપુર

પાલનપુરના નાનીબજાર હુસેનિચોક વિસ્તારમાં મોટું જુગારધામ ધમધમતું હોવાની બાતમીના આધારે સ્ટેટ વિજીલનસની ટીમે રેડ કરી હતી. જ્યાં જુગાર રમતા ૨૭ શકુનીઓ પોલીસના હાથે ઝડપાઇ ગયા હતા.

પાલનપુરના નાનીબજાર વિસ્તારમાં આવેલા હુસેની ચોક ખાતે અકબરભાઈ પરમારના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા સ્ટેટ મોનિટરિંગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરની ટીમે ઓચિંતી રેડ કરી હતી. જેમાં ૨૭ શકુનીઓ રંગે હાથે ઝડપાઇ ગયા હતા. જેમની પાસેથી પોલીસે રૂપિયા રોકડ રકમ રૂપિયા ૨,૩૮,૩૨૦, મોબાઇલ નંગ-૩૦, કિંમત રૂપિયા ૧.૧૦ લાખ મળી કુલ કિંમત રૂપિયા ૩,૪૮,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કરી પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

પોલીયો રસીકરણ : સાબરકાંઠામાં ૮૪.૧૬ ટકા લક્ષ્યાંક સિદ્ધ થયો

બે દિવસ સુધી પોલીયોની રસી પીવડાવાશે

હિંમતનગર, તા. ૧૦

પોલીયો રસીકરણ ઝુંબેશ અંતર્ગત રવિવાર તા. ૧૦ માર્ચના રોજ સાબરકાંઠામાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોની રસી પીવડાવવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરાઈ હતી. જેમાં ૮૪.૧૬ ટકા લક્ષ્યાંક સિદ્ધ થયો છે. જોકે તા. ૧૧ અને ૧૨ના રોજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા બાકી રહી ગયેલા બાળકોને રસીના ટીંપા પીવડાવશે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પોલીયો રસીકરણ ઝુંબેશ અંતર્ગત તા. ૧૦ માર્ચ ૨૦૧૯ના રોજ સાબરકાંઠાના અંદાજે ૮૦૦થી વધુ બુથ ઉભા કરીને આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોના ટીંપા પીવડાવવામાં આવ્યા હતા. જે મુજબ એક જ દિવસમાં ૮૪.૧૬ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

સાબરકાંઠામાં ૦ થી ૫ વર્ષના બાળકોની સંખ્યા અંદાજે ૧.૯૨ લાખની છે ત્યારે તેમાંથી અંદાજે ૧.૭૦ લાખથી વધુ બાળકોને ટીંપા પીવડાવી દેવાયા છે જ્યારે બાકી રહી ગયેલા અને છુટાછવાયા વિસ્તારોમાં રહેતા આવા ૦ થી ૫ વર્ષના બાળકોને જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમને શોધી કાઢી તેમના ઘરે જઈ તા. ૧૧ અને ૧૨ માર્ચના રોજ પોલીયોના ટીંપા પીવડાવશે. જિલ્લામાં હિંમતનગર સહિત અન્ય સ્થળે ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીયો રસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરાયો હતો.

સરોલીની સગીરાને ભગાડી જતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૯

વિજયનગર તાલુકાના સરોલી ગામની એક સગીરાને ચાર માસ અગાઉ નવા ધનેલા ગામનો શખ્સ ભગાડી જતા તેની વિરૂદ્ધ સગીરાના પિતાએ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે સરોલી ગામના જુમાજી બદાજી બોડાતે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ નવાધનેલા ગામનો દિલખુશ રાજુભાઈ કટારા તેમની સગીર દિકરી પિંકલબેનને ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. ત્યારબાદ સગીરાના પરિવારજનોએ તપાસ કરવા છતાં પિંકલબેનનો કોઈ પત્તો ન લાગતા આખરે દિલખુશ કટારા વિરૂદ્ધ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

ભિલોડા નગરમાં શ્રમજીવી પરિવારના રહેણાંક મકાનમાં આગ લાગતાં ભડભડ સળગ્યું

ભિલોડા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં રહેણાંક વિસ્તારમાં શ્રમજીવી પરિવારમાં નાની ઉંમરે માતા-પિતાની છત્ર છાયા ગુમાવનાર યુવકના મકાનમાં આકસ્મિક આગ લાગતાં ભારે અફડાતફડી મચી હતી. આજુબાજુમાં રહેતા લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ઘરમાં રહેલો માલસામાન બળીને ખાખ થતા ગરીબ યુવક પર આભ તૂટી પડ્યું હતું.

ભિલોડા ગામમાં વણકર ફળિયામાં રહેતા સુરેશભાઈ રતિભાઈ વણકર નાની ઉંમરે કુદરતની થપાટ વાગતા માતા-પિતાની છત્ર છાયા ગુમાવી હતી. રવિવારે સુરેશભાઈ રતિભાઈ વણકરના બંધ મકાનમાં આજે બપોરે આકસ્મિક આગ લાગતાં ભડભડ સળગી ઉઠતા આજુબાજુમાંથી દોડી આવેલા

લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગની ઘટનાના પગલે ઘરમાં રહેલી ઘરવખરી બળીને આગમાં સ્વાહા થતા શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

પ્રાંતિજ ખાતે પોલીયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૦

સરકાર ના પલ્સ પોલિયો નાબુંદી ઝૂંબેશ અન્વયે જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ પોલિયો રસીકરણ અંતર્ગત તાલુકાનું એક પણ ગામ પોલિયો રસીથી વચીત ના રહી જાય તે માટે પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસર સોલંકી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે પણ તંત્ર દ્વારા પોલિયો બુથ ઉભુ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ પ્રાંતિજ મેન પ્રમુખ વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, જાયન્ટસ પ્રમુખ નિખીલ સુખડીયા, નગરપાલિકા કોર્પોરેટર તથા વિરોધ પક્ષના નેતા દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ સહિતના જાયન્ટસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ૦ થી પાંચ વર્ષના બાળકોને બે ટીપા જીંદગીના પોલિયો રસીના નાના

બાળકોને પીવડાવવામાં આવ્યા હતા. પોષણ અભિયાનની ઉજવણીને લઈને ૮ માર્ચથી ૨૨ માર્ચ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજનના ભાગરૂપે ઘટક દ્વારા પોષણ પખવાડીયુની ઉજવણીના ભાગરૂપે ૧૦ માર્ચના રોજ પોષણ રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંકલિત બાળ વિકાસ યોજના કચેરી, પ્રાંતિજ સીડીપીઓ કે.જે. ડામોર, મુખ્ય સેવિકા જોષી મીનાક્ષીબેન, કો.ઓડીનેટર મેહુલ લેઉઆ, પ્રોજેકટ આસીસ્ટન્ટ શિવાની કંસારા, આંગણવાડી બહેનો અને શાળાના બાળકો સાઈકલ સાથે રેલીમાં વિવિધ બેનરો સુત્રોચ્ચાર સાથે જોડાયા હતા.

મોડાસાના સુનહરી મસ્જીદ પાસે

પરિવાર ઉપરના મજલે મીઠી નીંદર માણતો હતો નીચે રૂમમાં ૩ લાખની લૂંટ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં ઘરફોડિયા, ચોર લૂંટારુ ગેંગે તરખાટ મચાવતા પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખુલ્લી પાડી રહ્યા છે.

મોડાસાના સુનહરી મસ્જીદ નજીક રહેતા લઘુમતી પરિવાર ઘરમાં ઉપરના માળે ઉંઘતા હતા અને નીચે તસ્કર ટોળકીએ ત્રાટકી ઘરમાં રહેલી તિજોરીનું તાળું તોડી સોના ચાંદીના દાગીના સહીત રોકડ રકમ મળી ૩ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા પરિવારજનોને વહેલી સવારે જાણ થતા ભારે ચકચાર મચી હતી. ઘરમાં લૂંટ ચલાવનાર લૂંટારુઓ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. લૂંટની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસ તાબડતોડ દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. મોડાસા ટાઉન પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં કોટાકડી ભાગોળમાં આવેલી સુનહરી મસ્જીદ નજીક રહેતા ઉસ્માનભાઈ અબ્દુલભાઇ પટેલ બે મજલાના મકાનમાં રહે છે. શનિવારે રાત્રે પરિવાર ઘરનું વાળું પતાવી ઉપરના માળે ઊંઘી રહ્યા હતા. પરિવાર મીઠી નીંદર માણી રહ્યા હતા અને નીચેના માળે વહેલી સવારે તસ્કરો ત્રાટકી ઘરનું તાળું તોડી ઘરમાં રહેલી તિજોરી, કબાટના તાળા તોડી સોના-ચાંદીના દાગીના સહીત રોકડ રકમ મળી ૩ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થતા પરિવારજનો સવારે નીચે ઉતરતા ઘરમાં રહેલી તિજોરી તૂટેલી જોતા અને માલ-સામાન વેરવિખેર થતા ઘરમાં લૂંટ થતા બુમાબુમ કરી મુકતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. લૂંટની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરતા પોલીસ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજમાંથી બે નકલી કડદાબાજ પત્રકારો મળી આવ્યા

પોલીસે મહિલા અરજદારની ફરીયાદને લઇને તપાસ કરતાં ભાંડો ફુટ્યો : એક્ટીવા લઈને મહિલાના ઘરે તોડ કરવા આવ્યા હતા

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેથી બે નકલી પત્રકારો મળી આવતા પોલીસે બન્નેની

અટકાયત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ સિનીમા રોડ ઉપર રહેતી મહિલા કે જે અગાઉ દારૂનો ધંધો કરતી હતી પરંતુ અત્યારે દારૂનો ધંધો કે બીજો કોઇ ગેર કાયદેસર ધંધો કરતી નથી, તેના ઘરે નકલી પત્રકાર બનીને ખેરાશકુમાર પ્રકાશભાઈ ખત્રી ઉ.વર્ષ -૨૧ અને આયુશકુમાર કિરણભાઈ સથવારા ઉ.વર્ષ- ૨૦ બન્ને રહે. હિંમતનગર બન્ને જણા મહિલાના ઘરે જઈ અમે પત્રકારો છીએ અને તમો દારૂનો ધંધો કરો છો જેથી પૈસા આપો તો મહિલાએ કહ્યું કે મારા પતિનુ મરણ થયું હતું અને મારૂ ગુજરાન ચલાવવા સારૂં હુ અગાઉ દારૂનો ધંધો કરતી હતી પરંતુ અત્યારે દારૂનો કે બીજો કોઇ ગેરકાયદેસર ધંધો કરતી નથી અને તમો પત્રકાર છો તો તમારૂ આઇકાર્ડ બતાવો જેથી પત્રકારના વેશમાં આવેલ બન્ને યુવકો દ્વારા મહિલાને જણાવ્યું કે અમારે તમોને કોઇ કાર્ડ બતાવવાની જરૂર નથી તેમ કહીને મહિલાનો મોબાઇલમાં ફોટો કોપી પાડવા જતા હતા જેથી મહિલા ખસી જઈને મહિલાએ પ્રાંતિજ ભાખરીયા પોલીસ ચોકી ઉપર જાણ કરતાં પોલીસ બીટ જમાદાર હરિચંદ્રસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ વસંતકુમાર વિનોદભાઇ તાત્કાલિક મહિલાના ઘરે પહોચી ગયાં હતાં તો બન્ને પત્રકારની ઓળખાણ આપી હતી અને બહેન દારૂનો ધંધો કરે છે તો પોલિસ દ્વારા બન્નેને સાથે રાખી બે પંચોને જોડે રાખીને મહિલાના ઘરમા પ્રોહી રેઇડ કરતા કોઇ પણ મુદામાલ મળી આવ્યો ન હતો.

પોલિસ દ્વારા બન્ને ઇસમોની પુછપરછ કરતા અને પત્રકારનું આઇકાર્ડ માગતા સંતોષકારક જવાબ અને આઇકાર્ડ પાસે નથી રાખતા જવાબ આપ્યા અને કોઇ સંતોષકારક જવાબ ના આપતાં પોલીસે વધુ પુછપરછ કરતાં તેવો ભાંગી પડ્યા હતા. પ્રાંતિજ પોલીસ હરીચંદ્ર દ્વારા ફરીયાદી થઈને સી.આર.પી.સી. કલમ-૪૧(૨) મુજબ બન્નેની અટકાયત કરી સી.આર.પી. કલમ ૧૦૯ મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવા માટે બનાસ ડેરીનો વધુ એક પ્રયાસ

૩૨ કરોડના ખર્ચે વિશાળ ગોબર ગેસ પ્લાન્ટસનું નિર્માણ થશે

દૂધ અને દૂધના વ્યવસાય સિવાય પણ આગળ વધીને બનાસ ડેરી ખેડૂતો અને પશુપાલકોની આર્થિક સુખાકારી માટે તેજ ગતિથી કામ કરી રહી છે : શંકર ચૌધરી

પાલનપુર, તા. ૯

વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવકને બમણી કરવાનો લક્ષ્ય ભારતના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કર્યો છે ત્યારે, બનાસ ડેરી આ બાબતે ચીઝ પ્લાન્ટ, નવરસ ખાદ્ય તેલ, ટેક હોમ રાશન પ્લાન્ટ, બટાકાનું મુલ્ય વર્ધન જેવા અનેકોવિધ સાહસો સાથે પરીણામલક્ષી કાર્યો કરી રહી છે. જેના પરીણામ સ્વરૂપ બનાસકાંઠાના ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં નવી આર્થિક ક્રાંતિ થકી ઉન્નતિ અને સુખાકારીનું સર્જન થયુ છે. આવા જ એક વધુ પ્રકલ્પના નિર્માણ સંકલ્પ સાથે રતનપુરા (ભીલડી), દામા સિમેન સ્ટેશન (ડીસા), થાવર (ધાનેરા) અને દાંતા ચિલીંગ સેન્ટર ખાતે લગભગ ૩૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર ચાર વિરાટ ગોબર ગેસ પ્લાન્ટનું ભૂમીપુજન દામા સિમેન સ્ટેશન (ડીસા) ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે ૧૧/૦૩/૨૦૧૯ના રોજ થવા જઈ રહ્યું છે. આ અંતર્ગત આયોજીત ખેડૂતો અને પશુપાલકોની ડીસા આખોલ ચાર રસ્તા (વર્ધમાન વિહારની પાછળ, થરાદ રોડ, ડિસા) ખાતેની જાહેરસભાને ચેરમેન સંબોધિત પણ કરશે.

કોઈપણ સમાજની ઉન્નતિની પ્રાથમિક અને પાયાની મુખ્યમાંની એક એ ઉર્જાશક્તિ છે. દસકાઓથી પુનઃ અપ્રાપ્ય ઊર્જાના પૃથ્વીના પેટાળમાં પડેલા ઉર્જાના ભંડારો પર આપણે આધાર રાખીને આપણી ઉર્જા સબંધિત જરૂરીયાતોને પરિપૂર્ણ કરેલ છે. આ પદ્ધતિના ફળ સ્વરૂપ સમયની સાથે આ ઉર્જાના સ્ત્રોત ઘટતા ગયા છે અને તેની પડતર કિંમત ઉંચી જતા વ્યાપારિક ધોરણે તેનો ઉપયોગ પણ મોંઘો થયો છે. આવી સ્થિતિમાં નવી ઉર્જાના સ્ત્રોત શોધવાની જરૂરિયાત ઉભી થાય તે બાબત સ્વાભાવિક છે કે જે ખર્ચ અને પર્યાવરણની જાળવણીની દ્રષ્ટીએ પણ ઉપયુક્ત હોય તથા લાંબાગાળા માટે સરળતાથી ઉપલબ્ધ પણ હોય. આવા ઉર્જાના વિવિધ સ્ત્રોતમાં સૌર-પવન-બાયોગેસ મુખ્ય છે તથા આ પૈકી બાયોગેસ, એ બેક્ટેરિયા દ્વારા સેન્દ્રિય પદાર્થોના વિઘટનથી નિર્મિત થતું મિથેન અને કાર્બન ડાયોક્સાઇડનું જ્વલનશીલ મિશ્રણ છે. આ જ્વલનશીલ ગેસનું મિશ્રણ એટલે બાયોગેસ. બાયોગેસના નિર્માણ માટે જરૂરી વિઘટીત થઇ શકે તેવી સામગ્રી કૃષિ અને પશુપાલનમાં મોટા પ્રમાણમાં સરળ રીતે ઉપલબ્ધ થઇ શકે તેમ હોઇ અને તેનાથી ઉત્પન્ન થતાં બાયોગેસ મારફતે ડેરી તેમજ સ્થાનિક સમુદાયને પણ ફાયદો થાય તેમ હોઈ બનાસ ડેરી આ ક્ષેત્રે ઝંપલાવી સમાજને સાથે રાખી મોટા બાયોગેસ પ્લાન્ટ બનાવવાનો આરંભ કરવા જઇ રહી છે.

એશીયાની સૌથી મોટી ડેરી એવી બનાસમાં દૈનિક સરેરાશ ૬૦ લાખ લીટર દૂધ જીલ્લાના પશુપાલકો ભરાવે છે, જે જીલ્લામાં ખૂબ મોટી સંખ્યામાં ઉપલબ્ધ પશુધનને આભારી છે. જેથી અહીં છાણ તેમજ જૈવિક કૃષિ કચરાની એકંદર પ્રાપ્યતા સરળ છે, બનાસ ડેરીના સંચાલકીય અનુભવ થકી આ ઘટકોને કેન્દ્રીકૃત રીતે એકત્રિત કરીને હવે બાયોગેસનું ઉત્પાદન કરવા જઇ રહી છે. જેનો આર્થિક ફાયદો છેવટે ખેડૂતો અને પશુપાલકોને થશે.

શામળાજી નજીક કારમાંથી અમદાવાદના બુટલેગરે મંગાવેલ ૯૬ હજારનો દારૂ ઝડપ્યો

પશામળાજી, તા. ૧૦

શામળાજી નજીક આવેલી રાજસ્થાનને અડીને આવેલી રતનપુર ચેકપોસ્ટ પરથી રાજ્યના અને પરપ્રાંતીય બુટલેગરો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં

ઠાલવી દારૂબંધીના લીરેલીરા ઉડાડી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે બાતમી મળતા શામળાજી આશ્રમ ચોકડી નજીકથી પસાર થતી ટાટા એરેના કારમાંથી ૯૬ હજારના વિદેશી દારૂ સાથે અમદાવાદ મોઢેરાના સંદીપ રાજુભાઈ ખત્રી નામના શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હોળી-ધુળેટીના તહેવારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને જીલ્લા એલસીબી પોલીસે શામળાજી નજીક સઘન પેટ્રોલિંગ હાથ ધરાતા બાતમીના આધારે શામળાજી-ટીંટોઈ રોડ પર આશ્રમ ચોકડી નજીકથી પસાર થતી ટાટા એરેના કારને અટકાવી તલાસી લેતા કારના પાછળના ભાગે સંતાડેલો વિદેશી દારૂની બોટલ નંગ-૨૪૦ કિં. રૂ. ૯૬૦૦૦ જપ્ત કરી કાર ચાલક સંદીપ રાજુભાઈ ખત્રી (રહે.પાશ્વનાથ એટલાન્ટિસ ફ્લેટ, પામ-સી ફ્લેટ નં-૨૦૪, મોઢેરા ચાંદખેડા)ને ઝડપી પાડી કારની કિં. રૂ. ૨૦૦૦૦૦ તથા મોબ.નં-૧ કી. રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૨૯૬૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ મંગાવનાર અમદાવાદ હીરાવાડી, બાપુનગર પાસે ફ્લેટમાં રહેતા પટેલ નામના બુટલેગર અને કારમાં વિદેશી દારૂ ભરી આપનાર વિછીવાડા (રાજ)ના લુકા નામના શખ્સ સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ હાથ ધરી હતી.